





ઉદ્યોગોને જમીન દૈ, ચૂંટણી-ફંડ કરે વસૂલ!
બીનખેતીની કરે કરામત ને ભોંકે છે ત્રિસૂલ!
ઉસૂલ છે ખાયકીનો એ સદા રહે છે 'આનંદ'માં -
તલાટી ભરતીમાંથી ય ઉઘરાવે મહેસૂલ!!

'સાંસદ' થવા,
સર્વગુણસંપન્ન
- તો હતા જ ને!!
(આમ જ થવાય, સાંસદ
(૧૨ પાનાંનો બાયોડેટા)

તેલંગાણાંનું
અટક્યું છે હાડકું -
કોંગીને ગળે!!
(બંધબારણે-ઇમરજન્સી)




## ચિંતન

*શીલવંત સુર જ્ઞાનમત, અતિ ઉદાર ચિત્ત હોય । લજ્જાવાન અતિ નિછલના કોમલ હિરદા સોય ।*
*વિતંધ્ય ધરમક ધ્વજા, ધીરજવાન પ્રમાન । સંતોષી સુખ દાયકા, સેવક પરમ સુજાન ॥*

કબીરજી આ બે દોહરામાં સેવાભાવી-સેવકના લક્ષણો આપ્યાં છે :

સેવક શીલવંત અને સુરવીર હોવો જોઇએ એનું હૃદય વિશાળ હોય અને મનની મોટાઇ હોવી જરૂરી છે અર્થાત ક્ષમાવાન હોય, ઉચ્ચ કોટિનું ચારિત્ર્ય અને વીરતા હોવી પણ જરૂરી છે, સેવક જ્ઞાની-વિદ્વાન અને ઔદાર્ય-દાન-હોવા જોઇએ, તેના ખ્યાલ-વિચાર આદર્શ ઉચ્ચી કક્ષાના ઉદાત્ત હોવા જોઇએ. પોતાના દરેક આચરણ માટે જાગૃત હોય. લજ્જા-શરમ-મર્યાદાના પાલક હોય (નિર્લજ ન હોય) - ખોટું કંઇ પણ કરવામાં જાતે જ શરમ અનુભવવો જોઇએ. હીચકીચાટ અનુભવે. વિતંધ્ય-એટલે નમ્ર-દયાળુ-વિવેકી હોય...

તુલસીદાસજીએ કહ્યું 'સેવકધર્મ અતિ કઠોરા' ઝબ્બા-થેલો-ટોપી પહેરવાથી 'સેવકજી' થઇ નથી જવાનું નોકરી-ધંધો ન મળે તો 'પોલીટીક્સમાં છું' કહી ધંધો શરૂ કરનારા આજે ઓછા નથી.

ગાંધીજીને ગમતા ભજનમાં વૈષ્ણવજનના લક્ષણ પણ 'સેવક' ના જ લક્ષણ છે - રામાયણમાં સદૈવ પ્રભુની આજ્ઞાની રાહ જોતા 'હનુમાન' સાચા સેવક છે. પ્રજાની સતત સેવામાં (ત્યાગ-સમર્પણ સાથે) રહેનાર સાચો સેવક છે.

## સુવિચાર

- સાધુ નામ અર્થાત્મક નથી, આચરાત્મક છે - ***પૂજ્ય મોટા***
- તારી પાસે જે છે તેમાં સંતુષ્ટ બન, પણ તું જે છું તેમાં અસંતુષ્ટ બન - ***સંત ઓગષ્ટીન***
- મિત્રતાએ મીઠી જવાબદારી છે, એમાં સોદાબાજી, તકવા ન ભેળવશો - ***ખલીલ જીબ્રાન***
- ગઇકાલ એ આજની યાદો છે અને આવતીકાલે એ આજના સ્વપ્ના છે- ***જહોન.એફ.કેનેડી***
- આત્મવિશ્વાસ એ હૃદયનો એક એવો ભાવ છે જેને કોઇ પુરાવાની જરૂર જ નથી - ***ધર્મસૂત્ર***
- ઉદાસી, દુ:ખ એ તો બે લીલા બગીચા વચ્ચેની કાંટાળી વાડ છે - ***ઇટાલીયન કહેવત***
- જો તમારા હૃદયમાં જ જવાળામુખી ભરેલો હોય તો પછી એમાં વાસંતીફૂલની અપેક્ષા કેમ રાખવી? - ***ઓશો***

***(સંકલન : દીપક વી.આસરા)***

## બોધ કથા

ગાયક કલાકાર મુકેશે શરૂઆતમાં 'સાયગલ' ની નકલ કરવા પ્રયત્નો કર્યા. (દિલ જલતા હૈ જલને દે) કોઇએ એને સત્ય કહ્યું, તમારો અવાજ સારો છે જ પણ તમે સાયગલ નહીં 'મૂકેશ' થવાનો જ પ્રયત્ન કરો અને પરિણામ આપણે સૌ જાણીએ છીએ.

આપણું વર્તન-વિચાર એ આપણાં પોતાનાં જ તદ્દન સ્વાભાવિક જ હોવા જોઇએ. કોઇની સૂચના કે સલાહ કે 'નકલ' થી કદી ય પ્રગતિ કે સફળતા મળતી નથી, તમને તમારા વર્તનમાં કદાચ ઓછપ જણાય તો સુધારાવધારા શક્ય છે પણ કોઇની નકલ તો ન જ થાય. સ્વાભાવિકપણું 'ઓરીજીનાલીટી' કદી છોડવી નહીં, 'હું જે છું તે આ જ છું આવો જ છું, એનું મને ગૌરવ છે.' આ વાત પર મક્કમ રહેવું.

ભગવાન બુદ્ધનો અતિ પ્રિય શિષ્ય હતો. આનંદ. આનંદ જ્ઞાની અને સેવાભાવી હતો. એને મનમાં 'બુદ્ધ' થવાની ઊંડે ઊંડે ઝંખના હતી. તેથી તે પણ અવાર-નવાર સતત 'બોધિ વૃક્ષ' નીચે કલાકોના કલાકો 'ધ્યાન' માં બેસતો પરંતુ તેને ક્યારે 'દિવ્ય જ્ઞાન' નો સાક્ષાત્કાર થયો ન હતો. આખરે એક દિવસ થાકી-હારીને એણે ભગવાન બુદ્ધને પૂછી જ નાખ્યું - 'પ્રભુ! હું પણ કલાકો ધ્યાનમાં બેસુ છું પણ મને દિવ્ય-જ્ઞાનનો સાક્ષાત્કાર કેમ થતો નથી? હું પણ 'બુદ્ધ' કેમ થતો નથી?!

બુદ્ધે સ્મિત સાથે કહ્યું, 'આનંદ તમે શ્રેષ્ઠ જ છો, પરંતુ તમારે 'બુદ્ધ' નહીં 'આનંદ' જ થવાનું છે એટલું ધ્યાન રાખી એવું જ ધ્યેય રાખો!

... અને બીજે દિવસે આનંદનો સાક્ષાત્કાર થયો.

Email - sureshchandrabhatt18@gmail.com

# ભારતીય મનીષીઓએ ધર્મને કોઇ વ્યક્તિ કે ગ્રંથ સાથે ન જોડ્યો, એટલા જ માટે ધર્મના શાશ્વત અને ચિરંતન સ્વરૂપને ઓળખવા માટેની સર્વશ્રેષ્ઠ ભૂમિ ભારતભૂમિ છે

## હિન્દુ ધર્મ - વિશ્વ ધર્મ

*- હર્ષદ પ્ર. શાહ*

● હિન્દુત્વ - વ્યાપક જીવનદૃષ્ટિ : મનુષ્યનો અને જીવનનો સમગ્રતાપૂર્વકનો વિચાર એટલે હિન્દુત્વ. અહીં એકાંગી નહીં, સર્વાંગી ભાવનું ચિંતન પ્રતિષ્ઠિત છે. સર્વાંગી ભાવ એટલે... વ્યક્તિ. પરિવારનું અંગ, પરિવાર સમાજનું અંગ ભાવ એટલે... વ્યક્તિ પરિવારનું અંગ, પરિવાર સમાજનું અંગ, સમાજ રાષ્ટ્રનું અંગ, રાષ્ટ્ર વિશ્વનું અંગ, વિશ્વ માનવતાનું અંગ, માનવતા પ્રકૃતિનું અંગ અને પ્રકૃતિ એ પરમાત્માનું અંગ. હિન્દુત્વનો વિચાર એટલે આત્મા અને પરમાત્માનું અનુસંધાન.

હિન્દુત્વ અતિ વ્યાપક છે. એમાં અમીમ જીવનદૃષ્ટિ છે. જીવનને ખંડ - ખંડમાં નહીં, અખંડ સ્વરૂપે જોવાની દૃષ્ટિ હિન્દુત્સવમાં છે. મનુષ્યના સર્વાંગી વિકાસની કલ્પના અને સંકલ્પના એટલે હિન્દુત્વ.

● ધર્મ અને સંપ્રદાય : ધર્મ અને સંપ્રદાયનો ભેદ સમજવો અતિ આવશ્યક છે. એ ઉચિત રીતે ન સમજવાને કારણે જ સંકીર્ણતા જન્મે છે અને ઘણી ગરબડ થાય છે. જે શબ્દનો માનવે સર્વાધિક દુરૂપયોગ કર્યો છે તે શબ્દ છે 'ધર્મ'. એનો એને મન ફાવે તેમ અર્થ કર્યાં. ક્યાંક એનો ઉપયોગ એણે સ્વાર્થ માટે કર્યો તો ક્યાંક પરમાર્થ માટે. ક્યાંક એણે ધર્મનાં નામે શ્રદ્ધા જગાડી તો ક્યાંક અંધશ્રદ્ધા... અને તેમ છતાં એ નિર્વિવાદ સત્ય પણ છે કે આ જ શબ્દ પર માનવની સર્વાધિક આસ્થા છે.

વાસ્તવમાં ધર્મ ઇશ્વરને ઓળખવાનું પ્રથમ ચરણ છે. ધર્મની ધારણા થઇ શકે છે, ધર્મને જોઇ શકાતો નથી. શ્રેષ્ઠ આચરણ... શ્રેષ્ઠ વ્યવહારનું નામ ધર્મ છે, એ કોઇ ક્રિયાવિધિનું નામ નથી. ધર્મ એ સ્થૂળ પ્રક્રિયા નથી, સૂક્ષ્માતિસૂક્ષ્મ પ્રક્રિયા છે. એના માધ્યમથી પરમ તત્વનો, શાશ્વત તત્ત્વનો, નિશ્ચલ - નિરાકાર તત્ત્વનો પાર પામવાનો છે. એ ભૌતિક નહીં, આધિભૌતિક છે... પરંતુ મનુષ્યે કેટલાક સરળ અને ટૂંકા રસ્તા અપનાવ્યા. માળા શોધી, મંદિરો બનાવ્યા, મસ્જિદો બનાવી, ચર્ચો બનાવ્યા. ભગવાનના સ્વરૂપની કલ્પનાઓ કરીને એની પ્રતિમા બનાવી. પ્રતિમાનું પૂજન અને અર્ચન કરવા માટે ધૂપ અને દીપ બનાવ્યા. અને આ બધું કર્યા પછી મનુષ્ય માળા મંદિર, ધૂપ, દીપ, ટીલાં, ટપકામાં એવો તો ખોવાઇ ગયો કે ધર્મની ધારણા જ બાજુએ રહી ગઇ. આ બધું કર્મ-કાંડ મનને પ્રભુ-ચિંતનમાં એકાગ્ર કરવા માટે હતું... પણ તે તો ભાવહીન, યંત્રવત્, ક્રિયા જ માત્ર રહી ગઇ. માનવ સર્જિત આ બધી ક્રિયા-પ્રક્રિયાનું નામ જ સંપ્રદાય.

ઇશ્વરને જાણવો સહેલું કામ નથી, માટે માણસે ધર્મના આધાર લીધો. ધર્મની ધારણા કરવી એ પણ સહેલું કામ નથી, માટે માણસે સંપ્રદાયનો આધાર લીધો. પણ સંપ્રદાયને ધર્મ માની લેવાની જે ભૂલ માણસે કરી છે તે અતિ ભયંકર છે અને... ચિંતન અને સમજ દ્વારા આજે નહીં તો કાલે પણ મનુષ્યે ધર્મ અને સંપ્રદાય વચ્ચેનો ભેદ સમજ્યા વિના છૂટકો નથી. સંપ્રદાયને ધર્મ માની બેસવાની ગેરસમજ ઇશ્વરના માર્ગનો ભયંકર અવરોધ છે.

● ધર્મનું સ્વરૂપ : ધર્મ કોઇ પરિવર્તનશીલ સિદ્ધાંત નથી. એ સત્યનો પર્યાયવાચી છે. શાશ્વત ધર્મ, જેને ઋતુ - સત્ય કહેવામાં આવે છે, તેને સ્વાર્થ પૂર્તિનું સાધન ન બનાવી શકાય. તેને સંકીર્ણતા, અસહિષ્ણુતા અથવા પક્ષપાત સાથે પણ ન જોડી શકાય. તેને કોઇ આદેશના સ્વરૂપે પણ પ્રસ્તુત ન કરી શકાય. ધર્મ તો સતત છે, સાર્વકાલિક છે, સાર્વદેશિક છે અને પ્રત્યેક પ્રાણી માટે ઉપલબ્ધ છે. જે રીતે સૂર્ય - પ્રકાશ દરેક માટે હોય છે તેમ ધર્મ દરેકે માટે છે. પણ કોઇનું દુર્દૈવ જોર કરતું હોય ને જાણી જોઇને પોતાની આંખો જ બંધ કરી દે, કહો કે અજ્ઞાનવશ પ્રકાશનો માર્ગ બંધ કરી દે તો એને સૂર્યનો પ્રકાશ નથી મળવાનો.

ભારતીય ઋષિઓ અને મનીષિઓએ ધર્મતત્ત્વ પર જે મંથન કર્યું તેના નિષ્કર્ષ રૂપે કહ્યું કે ધર્મ એક એવી આંતરિક ક્રાંતિ છે, જેનો મૂળ ઉદ્દેશ્ય અનુભૂતિ દ્વારા અંતસ્‌માં એવા પ્રકારમાં રૂપાંતરણ કરવું કે જે પ્રાણી માત્ર માટે જ નહીં પરંતુ સમસ્ત પ્રકૃતિ માટે પૂર્ણરૂપે સહયોગી બની જાય. ભારતીય દૃષ્ટાઓની દૃષ્ટિમાં ધર્મ એક અનુભવ છે - સર્વ વ્યાપી ભગવદ્ સત્તાનો, પરમ ચૈતન્યનો.

પરંતુ પશ્ચિમે ધર્મના સંદર્ભમાં જે ચિંતન કર્યું તે ચિંતન ભયની ઉપજ હતી. એમાંથી જ 'રિલિજિયન' અને 'મજહબ' જેવા શબ્દો જન્મ્યા. એ સંપ્રદાય પ્રધાન ચિંતન છે. એ ચિંતનના નિષ્કર્ષ રૂપે ધર્મની જે અવધારણા બની એ કોઇને કોઇ વ્યક્તિ વિશેષ કે ગ્રંથવિશેષ સાથે જોડાઇ. ભારતીય મનીષીઓએ ધર્મને કોઇ વ્યક્તિ કે ગ્રંથ સાથે ન જોડ્યો. એટલા જ માટે ધર્મના શાશ્વત અને ચિરંતન સ્વરૂપને ઓળખવા માટેની સર્વશ્રેષ્ઠ ભૂમિ ભારતભૂમિ છે.

પશ્ચિમ ધર્મને 'બર્હિમુખી ચેતના' ના સ્વરૂપે જુએ છે જયારે ભારત ધર્મને 'અંતર્મુખી ચેનતા' ના સ્વરૂપે. મૂળભૂત ભેદ છે બંને વચ્ચે. પશ્ચિમ ધર્મને સમજવા માટે તર્ક અને વિજ્ઞાનનો આશ્રય લે છે જયારે ભારત ધર્મને સમજવા માટે શ્રદ્ધા અને જ્ઞાનનો આશ્રય લે છે. એક દિવસ એવો જરૂર આવશે જયારે પશ્ચિમે ભારતના માર્ગનું અનુસરણ કરવું પડશે.

'ધર્મ' આણને અજ્ઞાનથી દૂર લઇ જવાનો સશક્ત પ્રયાસ છે. 'ધર્મ'નો સંબંધ આંતરિક શુદ્ધિકરણ સાથે છે. આંતરિક શુદ્ધિકરણ માટે કોઇ ભીડતંત્ર (ધર્મસ્થઆનક)ની જરા પણ આવશ્યકતા નથી. માનસિક એકાંત અને મૌનના અભાવમાં 'ધર્મ'ની પ્રયોગશાળામાં પ્રવેશ કરવો કોઇ પણ વ્યક્તિ માટે સંભવ નથી.

'ધર્મ' પોતાની સૂક્ષ્મતા છોડી ક્યારેક પણ સામહિક સ્વરૂપ ધારણ કરી શકતો નથી. ધર્મ વ્યક્તિગત રીતે જ ધારણ કરી શકાય. સામૂહિકતામાં પ્રવેશ કરવાની સાથે જ ધર્મ પોતાનો મૌલિક સ્વભાવ ગુમાવી બેસે છે અને માત્ર કર્મકાંડ બનીને રહી જાય છે. સામૂહિકતામાં પ્રવેશ કરતાં જ ધર્મ અનુષ્ઠાન, રીત-રીવાજ, રૂઢિઓ અને વિશેષ પ્રકારની આસ્થા સાથે જોડાઇ જાય છે અને તેનું સ્વરૂપ બદલાઇ જાય છે. આ સ્થિતિમાં ધર્મ પોતાનું વાસ્તવિક સૌંદર્ય અને વાસ્તવિક અર્થ બંને ગુમાવી બેસે છે. આવો 'રૂપાંતરિત ધર્મ' સમાજને નાના નાના ટુકડામાં વહેંચે છે, માનવતાનો ક્ષય કરે છે, સાંપ્રદાયિકતા નિર્માણ કરે છે... અને આ બધું આધ્યાત્મિક ચેતનાના જાગરણમાં સહાયક ન બનતાં વ્યક્તિને સંકીર્ણ અને અનુદાર બનાવવાનું વિપરીત કાર્ય કરે છે.

ધર્મ એક ક્રાંતિ છે, એક અંતર્બોધ છે, અંતર્યાત્રાનો ઉપાય છે અને પોતાને જાણવાની વિધિ છે. પોતાને જાણ્યા વિના જે જગતને જાણવાની ચેષ્ઠા કરે છે તે ભટકે છે, અશાંત રહે છે, ઉદ્દેલિત રહે છે.

ધર્મ સંજ્ઞા નથી, ક્રિયા છે. ધર્મનો અર્થ 'કર્મકાંડ' નહીં 'કર્મ' છે... સાચા અર્થમાં કર્મ! ધર્મનો અર્થ છે. ધાર્મિકતામાં નિવાસ કરવો. ધર્મનો આશય છે. જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં ધાર્મિકતાનું અવલંબધન કરવું. 'ધર્મ' અંગેનું આ સમગ્ર ચિંતન હિન્દુત્વમાં સમાવિષ્ટ છે. માટે હિન્દુ ધર્મ અતિ વ્યાપક છે, વિશ્વ વ્યાપી છે, વિશ્વ - હિતકારક છે..... અને પાયા માટે જ એ વિશ્વ ધર્મ છે.

વિશ્વભરની સમસ્યાઓનો ઉકેલ એટલે હિન્દુ ધર્મ :

વિશ્વભરના દેશો 'વ્યક્તિત્વ વિકાસ'માં માને છે જયારે ભારત 'વ્યક્તિત્વ વિકાસ'ની સાથોસાથ 'ગુણવિકાસ'માં પણ માને છે. મનુષ્ય જીવનમાં ગુણ-વિકાસનું ખુબ મહત્ત્વ છે. ગુણ-વિકાસની ક્ષિતિજ જેમ જેમ મોટી થતી જાય તેમ તેમ મનુષ્ય ક્રમશ: વ્યષ્ટિ, સમષ્ટિ, સૃષ્ટિ અને છેવટે પરમેષ્ટિ સાથે એકાત્મા સાધવાને શક્તિમાન બને છે. ગુણ વિકાસના આ ચારેય તબક્કાઓને નીચેના કોઠામાં નિહાળીએ -

| ક્રમ | મનુષ્યની સ્થિતિ | અનુસંધાન | અભિવ્યક્ત થતા ગુણ |
|---|---|---|---|
| ૧. | વ્યષ્ટિ | સ્વ સાથે | સ્વાર્થ, આત્મકેન્દ્રિતા |
| ૨. | સમષ્ટિ | સમાજ સાથે | ત્યાગ, સંવેદના |
| ૩. | સૃષ્ટિ | સમગ્ર જગત સાથે | નિરહંકારિતા, વિશાળતા, કરૂણા, એકાત્મતા |
| ૪. | પરમેષ્ટિ | પરમાત્મા સાથે | તેજ, દિવ્યતા, પવિત્રતા, આધ્યાત્મિકતા |

જડ-ચેતન સૃષ્ટિ સાથેની એકાત્મકતાનો વિચાર હિન્દુત્વના દૃષ્ટિકોણ વિકસિત કરવાથી દૃઢ બને છે. ચિત્રપટ પર કોઇ અતિ કરૂણ - હૃદયદ્રાવક ચિત્ર જોતા જ મન દ્રવી ઉઠે છે, હૃદય સંવેદના અનુભવે છે... અને આંખમાંથી અશ્રુબિંદુ સરી પડે છે. ચિત્રપટ પરનું ચિત્ર જડ છે, નિર્જીવ છે... પણ એની સાથેની એકાત્મતાના પરિણઆમે સજીવ મનુષ્યની આંખોમાંથી સરી પડતાં અશ્રુબિન્દુ જડ-ચેતન સૃષ્ટિની એકાત્મતાનું પ્રતિબિંબ બને છે. જડ અને ચેતનનો કેટલો અદભૂત સમન્વય!

આવી એકાત્મતા વિશ્વભરના મનુષ્યો સાથે સધાય તો કેટકેટલા પ્રશ્નોનું નિવારણ થાય ? જડ અને ચેતનની એકાત્મતાનાં અનેક વિધ ઉદાહરણઓમાં પણ હિન્દુત્વ તો જુએ છે માત્ર એક જ સત્તા... અને તે છે પ્રભુસત્તા! પરમ - શક્તિશાળી પરમાત્માની સત્તાનો જ સ્વીકાર! વિશ્વની મહાસત્તાનો આ સમજે તો વિશ્વયુદ્ધની જરૂર ખરી?

***(ક્રમશ:)***

# પી.એસ.પી. રોગ કંપવાત કરતાં વધુ ભયંકર છે પરંતુ આ રોગ બહુ ઓછા લોકોને જોવા મળે છે, આ રોગ થવાના કારણ જોઈએ તો મગજના અમુક કોષો નબળા પડે છે અને પોતાની વ્યવહારિક કાર્યશક્તિ ગુમાવે છે

## નિરામય

***સમાન દેખાતા બે રોગો : કંપરોગ અને પી.એસ.પી.***

*- ડો. કેદાર ઉપાધ્યાય*

શરીર એ બહુ જટીલ તંત્ર છે. આધુનિક તબીબીશાસ્ત્ર તથા વિજ્ઞાનીઓ જો કે શરીરના ઘણા કોયડાઓ ઉકેલી નાખ્યા છે, પરંતુ હજુ ઘણા ખરા સવાલો એવા છે કે જેના જવાબો નથી મળી શક્યા. જેમ કે, શરીરમાં કામ કરતા અલગ અલગ તંત્રો વિષેની સંપૂર્ણ તાગ નથી મેળવી શકાયો. આજે એક એવા જ રોગની વાત કરવાની છે. જેના વિષે વધુ માહિતી મેળવવા માટે રિસર્ચ ચાલુ છે. આ રોગ એટલે પી.એસ.સી. (પ્રોગ્રેસીવ સુપાન્યુક્લીયર પાલ્સી). આ રોગ મગજને લગતો છે. (Newrological) મગજમાં રહેલ ચેતાકોષોમાં કોઇ કારણોસર ખામી ઉત્પન્ન થાય છે જેના કારણે આ રોગ થાય છે. આ રોગનાં નામનું વિશ્લેષણ છે એટલે કે ધીમી ગતિએ આગળ વધે છે. વળી, આ રોગ 'પાલ્સી' ઉત્પન્ન કરે છે એટલે કે નબળાઇ જન્માવે છે. આ રોગમાં મુખ્યત્વે 'સુપરાન્યુકલીઅર' કોષો કે જે મગજમાં રહેલા છે અને આંખોની હીલચાલ - ચલન સાથે સંકળાયેલા છે તેને અસર થાય છે.

આમ જોઇએ તો શરૂઆતમાં આ રોગ કંપરોગ જેવો જ લાગે. વ્યક્તિને ચાલવા, પકડવામાં તકલીફ થાય આદિ કંપરોગ જેવા જ લક્ષણો જોવા મળે પરંતુ અમુક લક્ષણોમાં પી.એસ.સી. કંપ રોગ અલગ પડે છે જેમ કે કંપરોગના રોગી પોતાનું મસ્તક આગળ તરફ ઝુકાવી રાખે. તેઓ પડે તો આગળ તરફ પડે, જયારે પી.એસ.પી.ના રોગી પોતાનું મસ્તક પાછળ તરફ રાખવાનો પ્રયત્ન કરે આથી જો તેઓ ચાલતા ચાલતા પડે તો પાછળ તરફ પડે, વળી કંપરોગમાં આંખોની ચલનશક્તિમાં ફરક પડતો નથી જયારે પી.એસ.પી.માં આંખોની ચલનશક્તિ નબળી પડે છે.

૧૯૬૪માં પી.એસ.પી. ના રોગ વિશે ખ્યાલ આવ્યો. ત્રણ વૈજ્ઞાનિકોએ આ રોગને કંપરોગ કરતાં અલગ પ્રકારના રોગ સ્વરૂપે રજુ કરતું સંશોધન કર્યું. આ ત્રણેય વૈજ્ઞાનિકોનાં નામ પર આ રોગને 'સ્ટીલ - રીડાર્ડસન -ઓઝવેસ્કી સીન્ડ્રોમ' પણ કહે છે.

પી.એસ.પી. રોગ કંપવાત કરતાં વધુ ભયંકર છે પરંતુ આ રોગ બહુ ઓછા લોકોને જોવા મળે છે. આ રોગ થવાના કારણ જોઇએ તો મગજના અમુક કોષો નબળા પડે છે અને પોતાની વ્યવહારિક કાર્યશક્તિ ગુમાવે છે. ખાસ કરીને વ્યક્તિ તેમજ શરીરના અંગોના હલનચલન સંબંધી કોષો પર અસર થાય છે. કોષોની આ નબળાઇ શાને કારણે થાય છે તેનો સંપૂર્ણ ખ્યાલ હજુ વૈપાનિકોને આવ્યો નથી. કોઇ વાઇરસને કારણે કે જનીની ફરેફારના કારણે કે કોઇ રાસાયણિક બદલાવને કારણે કે ચયાપચયની ક્રિયામાં કોઇ બદલાવને કારણે આ કોષો નબળાં પડતા હોવા જોઇએ, તેવું વૈજ્ઞાનિકોનું અનુમાન છે.

પી.એસ.પી.ના ઘણાં ખરા લક્ષણો કંપવાત જેવા જ છે, ચાલતા વખતે પડી જવું, પગના - હાથના સાંધાઓ જકડાઇ જવા, વ્યક્તિની પર્સનાલિટીમાં બદલાવ આવવો, ઊંઘ આવવી, નિષ્ક્રીય રહેવું, આ રોગ જેમ આગળ વધે તેમ આંખોમાં દેખાવું ઓછું થાય, આંખોની મુવમેન્ટ કન્ટ્રોલમાં ન રહે, વાતચીત દરમિયાન સામેની વ્યક્તિ સાથે Eye Contect ન રહી શકે, આદિ લક્ષણો જોવા મળે છે. રોગ આગળ વધે તેમ બોલવામાં જીભ થોથવાય અને ઘન તથા પ્રવાહી ખોરાક ઉતારવામાં તકલીફ પડવા લાગે.

પી.એસ.પી.એવો રોગ છે જેમાં વિવિધ પ્રકારના લક્ષણો જોવા મળે છે. આ રોગને કારણએ વ્યક્તિ મૃત્યુ પામતી નથી, પરંતુ આ રોગને કારણે થતી બીજી વ્યાધિઓ મૃત્યુ નોતરી શકે. જેમ કે, વારંવાર પડી જવાથી ફ્રેકચર આદિ બિમારીઓ, જેમાથી પાક આદિ થાય. ઉપરાંત બીજી આડકતરી વ્યાધિઓમાં ન્યુમોનીયા મુખ્ય છે. જે પણ આફત નીતરી શકે.

પી.એસ.પી.ની ચિકિત્સાની વાત કરીએ તો હાલના તબક્કે તેની ચિકિત્સા કંપવાત પ્રમાણે કરવામાં આવે છે. જેમાં L.Dopa દ્રવ્ય કે જ કંપરોગમાં અસરકારક છે તે જ મુખ્ય ચિકિત્સા સ્વરૂપે દર્દીને આપવામાં આવે છે, આ ઉપરાંત મગજને પોષણ આપતા અમુક રસાયણો પણ આધુનિક ચિકિત્સામાં આપવામાં આવે છે.

આયુર્વેદ પ્રમાણે જોવા જઇએ તો આ રોગ થવા પાછળ મુખ્ય કારણ વાયુનું દૂષિત થવુ ગણી શકાય. આ ઉપરાંત મગજ તથા તેના કોષોને પોષણ આવતી ચિકિત્સા અસરકારક નિવડી શકે. પંચકર્મમાં અભ્યંગ, સ્વેદન, સ્નેહવાન, બસ્તિ, નસ્ય તથા શિરોધારીમાંથી વ્યક્તિની બળ પ્રકૃતિ મુજબ ચિકિત્સા પ્રયોગ કરી શકાય આ ઉપરાંત ઔષધોમાં અશ્વગંધા, શતાવરી, બ્રાહ્મી, કપિકચ્છુ, પાઠા, વચા, જટામાંસી આદિ મેદ્ય ઔષધિઓનો તેમજ સુવર્ણભસ્મ આદિ ધાતુભષ્મોની વિવેકપૂર્વક ઉપયોગ સારા પરિણામો લાવી શકે. આ રોગમાં સમયસર ચિકિત્સાએ ખૂબ જરૂરી છે કારણ કે આ રોગ 'પ્રોગ્રેસીવ' હોવાથી જેટલી વહેલી ચિકિત્સા કરવામાં આવે તેટલો વધુ ફાયદો થઇ શકે.

# મારો વર લાખો ડૉલર અને એક ફેકટરી મુકી ઈશ્વરને ધામ પહોંચી ગયો છે! તું હોંશિયાર લાગે છે, મારે ઘેર આવીશ તો મારી આ લત છૂટશે અને આપણા બંનેના જીવન પલટાઈ જાશે

## રખડુ

*- જય ગજ્જર*

મેક્સિકોમાં જન્મેલ હેરી નાનપણથી ધનના ઢગલા પર રાચવાના સપનાં સેવતો હતો. એક મધરાતે તક મળતાં એ અમેરિકાની હદમાં ઘૂસી ગયો હતો. એને હતું ખૂબ ડોલર કમાઇ જિંદગી બદલી નાખીશ. પણ કાળિયો અને ગેરકાનુની હોવાથી ક્યાંક નોકરી મળી નહિ. નોકરીની શોધમાં એ જુદા જુદા રાજયના જુદા જુદા શહેરોમાં પહોંચી જતો. પણ નશીબ દાદ દેતું નહોતું. બે વર્ષ અમેરિકામાં રખડપટ્ટીને કારણે એ રખડું અને આળસુ બની ગયો. ક્યાંક કોઇને છેતરી ખાવા જેટલું મેળવી ફૂટપાથ પર રાત ગુજારી લેતો. આ બધામાં એ પાવરધો થયો હતો. કોઇની રાઇડ લઇ નગરે નગરે પહોંચી જતો. એક વખત નસીબ અજમાવવા લાગ વેગાસ જવા વિચાર્યું. 'લોકો હજારો ડોલર લઇને આવતા હોય છે. તફડંચી કરવાની સારી તક મળશે.' એમ વિચારી લિફ્ટ માટે એક ખૂણામાં એ ઊભો રહી ગયો. કેટલીયે કાર પસાર થઇ ગઇ પણ કોઇએ ઊભી ન રાખી.

નસીબને ગાળો દેતો નિસાસો નાખતો હતો ત્યાં એક કાર ઊભી રહી.

"લાસ વેગાસ ઉતારી દેશો?" વિનંતી કરી.

"ઓકે બેસી જાઓ. રસ્તામાં જ આવે છે."

"થેન્ક્સ!" કહી બેસી ગયો.

જે કારમાં લિફ્ટ લીધી તે કારના ટાયરને અધવચ્ચે પંકચર પડ્યું. ડ્રાઇવર વૃદ્ધ પાધરી હતો. એમે નિસાસો નાખ્યો, "હવે શું થશે?"

"હું છું ને!" કહી ટ્રકમાંથી 'સ્પેર વ્હીલ' કાઢી ટાયર બદલી નાખ્યું.

"ગોડ બ્લેસ યુ! સારું થયું કે મેં તને લિફ્ટ આપી. એક સારું કામ કરવાનાં સારા ફળ અહીં જ મળે છે!"

હેરી મનોમન હરખાયો. બે વર્ષમાં કોઇએ આવા આશીર્વાદ નહોતા આપ્યા.

લાગ વેગાસ આવતાં પાદરીનો આભાર માની ઉતર્યો.

"ગુડ લક!" પાદરીએ આશીર્વાદ આપી કાર હંકારી.

'ગુડ લક' શબ્દો વાગોળતા એ લાસ વેગાસમાં 'કેલિફોર્નિયા કેસિનો'માં પ્રવેશ્યો. ચારે બાજુ જુવાન અને વૃદ્ધ સ્ત્રી પુરૂષોથી હોલ ઉભરાતા હતો. જે બાજુ ઘણા વૃદ્ધ લોકો હતાં એ બાજુ ગયો. 'જેકપોટ માટે અહીં નસીબ અજમાવો.' એ સાઇન વાંચીને ખુરશી પર બેસી ગયો.ખિસામાંથી ક્વાર્ટર્સ કાઢી નસીબ અજમાવવા ચાર ક્વાર્ટર્સના સિક્કા નાખ્યા. પાદરીના આશીર્વાદ ફળ્યા કે નસીબે દાદ દીધી. એ પહેલા પાંચ હજાર ડોલસ જીત્યો. પાસેની ખુરશીમાં બેઠેલી વૃદ્ધ સુઝન એ જોઇ નજીક સરકી અને બૈડો થાબડી બોલી, "બ્રેવો, યંગમેન લકી લાગો છો!"

"થેન્ક્સ!" કહી એ પાછો રમવા લાગ્યો. સુઝન ટગર ટગર એની સામે જોઇ રહી હતી. એ વખતે ત્રીજી ખુરશી પર બેઠેલ એક ગુંડાએ ચાલાકીથી એની પર્સ તફડંચી કરવા પ્રયાસ કર્યો. હેરી એ જોઇ ગયો. એણે બૂમ પાડી, "મેમ, ટેક કેર ઓફ યોર પર્સ" કહેતાં એ ગુંડાની હેરીએ ઊભા થઇ ફેંટ પકડી.

"એક ડોસીના પર્સની ચોરી કરતાં શરમ નથી આવતી!" કહેતાં એને એક તમાચો ચોઢી દીધો. દૂર ઊભેલો સિક્યોરીટી ગાર્ડ આ જોતાં દોડી આવ્યો અને પેલાને પોલીસને હવાલે કરી દીધો.

સુઝન બોલી, "કેન્સરનું દર્દ ભૂલવા મન બીજી દિશામાં વાળવા મને જુગારની ટેવ પડી છે. આજ વીશ હજાર લઇને આવી છું. એ મારા વીસ હજાર તેં બચાવ્યા, ગોડ બ્લેસ યુ. ભઇલા શું કરે છે?"

"રખડું છું. ઘર કે કોઇ મારું આ દેશનાં નથી. રાત પડે ત્યાં વાસો કરું છું. કાલની ખબર નથી."

"હું પણ એકલી છું. આગળ પાછળ કોઇ નથી. કેટલું જીવીશ એ ખબર નથી. તું બહું પ્રામાણિક લાગે છે! મારે ઘેર આવવું છે? મારો વર લાખો ડોલર અને એક ફેકટરી મુકી ઇશ્વરને ધામ પહોંચી ગયો છે! તું હોંશિયાર લાગે છે. મારે ઘેર આવીશ તો મારી આ લત છૂટશે અને આપમા બંનેના જીવન પલટાઇ જાશે."

હેરીએ મનોમન હસીને વિચાર્યું, "આ તક જવા દેવા જેવી નથી." સુઝનના બે હાથ પકડી બોલ્યો, "ચાલો, સદનસીબની દેવી!"

અને સુઝન સાથે કેસિનોની બહાર નીકળ્યો. એને આ મા ઘણી એની સેવા કરતો રહ્યો અને ફેક્ટરી સંભાળતો રહ્યો.

એના જીવનનો રાહ બદલાઇ ગયો. સુઝને ખુશ થઇ એનું ઘર અને પતિની ફેક્ટરી હેરીને નામે કરી દીધાં. એ પછી સુઝન લાંબુ જીવી નહી. મન મુકી ફેક્ટરી અદ્યતન બનાવી એ ઘરમાં સુઝાનના ફોટાને રોજ વંદન કરી એને યાદ કરી 'સદનસીબની દેવી' શબ્દો વાગોળતો રહે છે!